(A-6) No. of printed page: 1

# SARDAR PATEL UNIVERSITY
## TY BA (External) Examination
## Wednesday, 4 March 2015
## 10.30 am - 1.30 pm
## GUJ 309 - Gujarati Literature Paper - IX
## (અપઠિત - પરિશીલન)

**Total Marks: 100**

સૂચનાઃ દરેક પ્રશ્નના ગુણ સરખા (૨૦) છે.

પ્ર.૧ નીચેનામાંથી ગમે તે બે નો અર્થવિસ્તાર કરો (૨૦)

(૧) પીંપળ પાન ખરંતાં હસતી કૂંપળિયાં,
અમ વીતી તમ વીતશે, ધીરી બાપુડિયાં.

(૨) સૌંદર્યો વેડફી દેતાં, ના ના સુંદરતા મળે,
સૌંદર્યો પામતાં પહેલાં, સૌંદર્ય બનવું પડે.

(૩) છે ગરીબોના કુબામાં તેલ ટીંપું ય દોહ્યલું,
ને શ્રીમંતોની કબર પર ઘીના દીવા થાય છે.

(૪) મને મળી નિષ્ફળતા અનેક,
તેથી થયો સફળ કંઈક હું જિંદગીમાં.

પ્ર-૨ નીચેના કાવ્યનો રસાસ્વાદ કરાવો. (૨૦)

હજુ ધીમે ધીમે પ્રિય સખી! તહીં ઝાડ ઉપરે
સૂતેલા પંખીને કથની જરી જો કાન પડશે,
પ્રભાતે ઊઠી એ સકલ નિજને ગાન ધરશેઃ
કથા તારી મારી સકલ દિશ માંહી વહી જશે.

હજુ ધીમે! ઊભું મુકુલ તહીં જો પર્ણ-પડદે
છુપાઈને;તેને શ્રવણ કદી જો વાત પડશે,
સુવાસે તો કે'શે સકલ કથની એ અનિલને,
અને આ તીરેથી અવર તટ વાયુ લઈ જશે.

અને કૈં તારા જો, નભથી છૂટતા વાત સુણવા,
મૃદુ પાયે આવે શબનમ કરી કાન સરવા;
ઊભું છે આજે જો, જગ સકલ એકાગ્ર થઈને,
ઝરે તારે શબ્દે પ્રણયરસ તે સર્વ ઝીલવા.

પછી તો ના વાતો, પ્રિયઅધર જે કંપ ઊઠતો;
દ્વનિ તેનો આવી મુજ હૃદય માંહી શમી જતો.

- પ્રહલાદ પારેખ

અથવા

પ્ર-૨ નીચેના કાવ્યનો રસાસ્વાદ કરાવો. (૨૦)

ઓ વ્રજનારી! શા માટે તું અમને આળ ચડાવે?
પુણ્ય પુરવ તણાં, તેથી પાતળિયો અમને લાડ લડાવે.
મેં પૂરણ તપ સાધ્યાં વનમાં, મેં ટાઢતડકા વેઠ્યાં તનમાં,
ત્યારે મોહને મહેર આણી મનમાં, ઓ વ્રજનારી!
હું ચોમાસે ચાચર રહેતી, ઘણી મેઘઝડી શરીરે સહેતી,
સુખદુઃખ કાંઈ દિલમાં નવ લ્હેતી, ઓ વ્રજનારી!
મારા અંગે વાઢ વઢાવિયા, વળી તે સંઘાડે ચડાવિયા,

[P.T.O]

તે ઉપર છેદ પડાવિયા, ઓ વ્રજનારી!
ત્યારે હરિએ હાથ કરી લીધી, સૌ કોમાં શિરોમણિ કીધી,
દેહ અર્પી અર્ધ અંગે દીધી, ઓ વ્રજનારી!
માટે દયાપ્રીતમને છું પ્યારી, નિત્ય મુખથી વગાડે મુરારિ,
મારા ભેદગુણ દીસે ભારી! ઓ વ્રજનારી!

- દયારામ

પ્ર-૩ નીચેના ગદ્યખંડનું વિવરણ કરો. (૨૦)

માણસ ખરેખર માણસ બન્યો, બે પગે ચાલવા માંડયો ત્યાંથી નહીં પણ શબ્દ સિદ્ધ કર્યો ત્યારે આ શબ્દ માનવ જીહવાગ્રે રમતો રમતો, રસાતો રસાતો રસવંતો બન્યો. તેના જીવનનો એક નવો ઉઘાડ થયો, અને આજે પણ થતો રહે છે. એકાદ શબ્દ આજે પણ આપણા જીવનમાં પ્રકાશ પાથરી નવા નવા ઉઘાડ કરે છે. માણસે યુગો યુગોથી શબ્દને લાડ લડાવ્યા છે, લાલન પાલન કરી તેને ઉછેર્યો છે, ખીલવ્યો, મ્હોરાવ્યો છે. કવિઓએ શબ્દને તેજસ્વી કર્યો છે.મ્હેકતો કર્યો છે, વહેતો કર્યો છે. તેને અનેકવિધ ગતિ આપી છે. તેને પૃથ્વીથી પાતાળ સુધી અને ક્ષિતિજોની પાર રમતો કરી સ્વર્ગલોક સુધી પહોંચાડયો છે. સ્વર્ગ પણ સર્જ્યાં છે, નરક પણ રચ્યાં છે. શબ્દે શું શું નથી કર્યું! શબ્દે ક્રાંતિઓ કરી છે, રાજપાટ ઉથલાવ્યાં છે, યુદ્ધો કરાવ્યાં છે, શાંતિ, પ્રસન્નતા, ઉલ્લાસ અને આનંદ પ્રસાર્યા છે. કરુણા રેલાવી છે. કેટકેટલાં કામ કવિઓએ લીધાં છે શબ્દ પાસેથી!

- ચંદ્રશંકર ભટ્ટ

અથવા

પ્ર-૩ નીચેના ગદ્યખંડનું વિવરણ કરો. (૨૦)

માન્ય ભાષાના વિષયમાં આપણને એક વાત હંમેશા મૂંઝવી રહી છે; આપણે સવાસો વર્ષથી લખતાં - વાંચતા આવ્યાં છીએ તે ભાષા કે એનું ઉચ્ચારણ કરીએ છીએ તે ભાષા? જો આપણે 'ભાષા'સંજ્ઞા તરફ જોઈશું તો શંકા જ રહેતી નથી કે બોલાય છે તે 'ભાષા' છે; લેખન તો એને નોંધી રાખવાનું-ટપકાવી રાખવાનું જ માત્ર કાર્ય કરે છે. શુદ્ધ માન્યભાષા પણ આપણે બોલીએ છીએ તે જ પ્રમાણે લેખનમાં બતાવી શકાતી નથી. બધાં ઉચ્ચારણોને, વજન કે ભારને, અર્થાનુસારી ઉચ્ચ-નીચા સ્વરોચ્ચારણ અને કેટલાંક વ્યંજનોના ઉચ્ચારણોને પણ આપણે લેખનમાં ક્યાં બતાવી શકીએ છીએ? બતાવવું સર્વાંશે શક્ય જ નથી. પછી લેખનમાં પણ વ્યવસ્થા જળવાઈ રહે એ માટે 'જોડણી'ના અમુક નિયમોને આપણે માન્યતા આપી 'એકધારાપણું' જાળવવાની દિશામાં એક શિસ્ત સ્વીકારી છે.

- કે.કા.શાસ્ત્રી

પ્ર-૪ નીચેના ગદ્યખંડનો ૧/૩ ભાગમાં સંક્ષેપ કરો (૨૦)

"પ્રાર્થનાએ તો મારી જિંદગી બચાવી છે. પ્રાર્થના વિના હું કે દિવસનો ગાંડો જ થઈ ગયો હોત. મારી આત્મકથામાંથી તમે જોશો કે મને કડવામાં કડવા જાહેર તેમ જ અંગત અનુભવો ઠીક ઠીક પ્રમાણમાં થયા છે. એ અનુભવો થોડીવાર તો મને નિરાશામાં નાખી દેતા. તેમાંથી હું તર્યો તો તે એકમાત્ર પ્રાર્થનાને લીધે. હવે હું તમને જણાવું છું કે સત્ય જે અર્થમાં મારા હાડમાંસનું તત્ત્વ છે તે જ અર્થમાં પ્રાર્થના નથી. તે તો આત્યંતિક આવશ્યકતામાંથી મને લાધી છે. હું એવી હાલતમાં આવી પડતો કે પ્રાર્થના વિના મને સુખ જ ન મળે, અને ઈશ્વરમાં મારી શ્રદ્ધા વધતી ગઈ, તેમ તેમ પ્રાર્થનાની મારી ભૂખ પણ વધતી ગઈ. તેના વિનાનું જીવન શુષ્ક અને શૂન્ય લાગવાં માંડયું... મારી ઉંમરના ઘણાં વર્ષ પસાર થઈ ગયાં ત્યાં સુધી મને પ્રાર્થના વિના જિંદગીમાં કંઈ અધૂરુ લાગ્યું નહીં, પણ પછી મોટી ઉંમરે મને ભાન આવ્યું કે શરીર માટે અન્ન અનિવાર્ય છે તેટલી જ આત્માને માટે પ્રાર્થના અનિવાર્ય છે. શરીરના આરોગ્ય ખાતર ઘણીવાર અન્નની લાંઘણ જરૂરની થઈ પડે છે, પણ પ્રાર્થનાની લાંઘણ જેવી વસ્તુ નથી. પ્રાર્થના કદી વધારે પડતી હોતી નથી... રાજદ્વારી ક્ષિતિજમાં મારી સામે નિરાશાનો અંધકાર હોવા છતાં, હું કદી શાંતિ ખોઈ બેઠો નથી. ઘણા લોકોને મારી શાંતિની ઈર્ષા આવે છે. એ શાંતિ રોજની પ્રાર્થનામાંથી જન્મી છે એ તમે જાણી લેજો"

- ગાંધીજી

અથવા

પ્ર-૪ નીચેનાં ગદ્યખંડનો ૧/૩ ભાગમાં સંક્ષેપ કરો (૨૦)

સાહિત્ય આપણને બે પ્રકારે આનંદ આપે છે. એક તો સત્યને મનોહર રીતે રજૂ કરીને,બીજું સત્યને ગોચર કરીને. સત્યને ગોચર કરવું- કરાવવું ઘણું ભારે કામ છે.... હિમાલય શું, એક નાના ખાબોચિયાને પણ કવિ આપણી માનસિક દૃષ્ટિ આગળ ખડું કરે છે, ત્યારે આપણને આનંદ થાય છે.

ખાબોચિયાને આપણે ઘણીવાર જોયું હોય પરંતુ એને ભાષા દ્વારા  જોવાથી કાંઈક નવીનતા આવે છે. જેને મન આંખની ઈંદ્રિયથી જોઈ શકે છે. તેને જ જો ભાષાની ઈંદ્રિયથી જોવામાં આવે તો મનને એક ઓર રસ મળે છે એ રીતે સાહિત્ય જાણે એક નવી ઈંદ્રિય માફક બનીને સમસ્ત જગતને આપણી પાસે નવા રૂપમાં રજૂ કરે છે. વળી તે ઉપરાંત પણ ભાષાનું એક વિશેષત્વ છે. તે માનવની પોતાની બનાવટ છે. તે આપણા મનના ઢાળે ઘડાયેલી છે. અને આથી બહારના જે કોઈ પદાર્થને તે આપણી સમક્ષ રજૂ કરે છે, તેને વિશેષ રીતે માનવભાવને રંગીને રજૂ કરે છે. ભાષા જે ચિત્રો આંકે છે, તે બધાં વાસ્તવિક હોય છે એટલા જ માત્ર કારણથી આપણો આદર પામતા નથી, પરંતુ ભાષા જાણે તેમનામાં માનવરસનો સંચાર કરે છે, આમ હોવાથી ચિત્રો આપણા હૃદયને માટે નિકટનાં બની જાય છે  ચરાચર જગતને ભાષા દ્વારા માનવના ભીતરનું બનાવી લેવાથી તે આપણું નિકટનું થઈ ઉઠે છે.

- રવીન્દ્રનાથ ટાગોર

પ્ર-૫ (અ) કોઈપણ **બે** સંજ્ઞાઓનો સદષ્ટાંત પરિચય આપો. (૦૪)

(૧) લઘુ-ગુરુ (૨) માત્રામેળ

(૩) સંખ્યામેળ (૪) અખંડ અને સખંડ

(બ) કોઈપણ **બે** છંદોનું બંધારણ ઉદાહરણ સહિત સમજાવો. (૦૮)

(૧) વસંતતિલકા (૨) શિખરિણી

(૩) ચોપાઈ (૪) હરિગીત

(ક) કોઈપણ **બે** અલંકારોની વ્યાખ્યા આપી સદષ્ટાંત સમજાવો (૦૮)

(૧) ઉપમા (૨) વ્યાજસ્તુતિ

(૩) સ્વભાવોક્તિ (૪) વ્યતિરેક

* * *